શ્રી વિજયભાઈ અર્જુનભાઈ ચૌહાણ - મુંબઈ - 9890179969

શ્રી ધવલભાઈ હિરાલાલભાઈ ખોડિયાર - મુંબઈ - 9920336365

શ્રી કૌશલભાઈ ગુણવંતભાઈ રાઠોડ - મુંબઈ - 9167993503

શ્રી કિરીટભાઈ રમણીકલાલભાઈ ચૌહાણ - ધનબાદ - 9234320543

શ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલ-રાયપુર - 9827936748

શ્રી યોગેશભાઈ પુરૂષોત્તમભાઈ પરમાર - હૈદ્રાબાદ - 931144749

નોંધ : ૧. મીટના રજિસ્ટ્રેશન ની લિન્ક ટૂંક સમયમાં સમાજના દરેક ગ્રુપમાં મૂકવામાં આવશે.
૨. મુંબઈ આવવા માટે ટ્રેનનું બુકિંગ ચાલુ થઈ ગયું છે તો ખાસ આપની ટિકિટ બુક કરી લેવા વિનંતી છે.

લક્ષ્ય એચિવર્સ એવોર્ડ-૨૦૨૬

Lakshya Achievers Award - 2026

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા લક્ષ્ય સમિતિ દ્વારા આપણા સમાજના વિવિધ ક્ષેત્રોમાં વ્યાવસાયીક ક્ષેત્રે અદ્વિતીય સફળતા પ્રાપ્ત કરેલ હોય તેવા લોકોને ઉપરોક્ત એવોર્ડથી મુંબઇ ખાતે યોજાનારી "**બિઝનેશ કનેકશન મીટ-૨૦૨૬**"માં સન્માનીત કરવામાં આવશે. આપણા સમાજના કોઈપણ "**ફર્સ્ટ જનરેશન એન્ટરપ્રીનીયર**" કે જેઓ આપબળે પોતાનો વ્યવસાય ચાલુ કરેલ હોય તથા તેઓએ અખિલ ભારતીય સ્તરે વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરેલ હોય, પોતાના પ્રોજેક્ટ કે વ્યવસાયના માધ્યમથી કશું નવું કરીને સમાજને નવી દિશા આપેલ હોય તેવા સમાજબંધુઓ, મહિલાઓ તથા યુવાધનને સન્માનીત કરવામાં આવશે.

આ સન્માનનો મુખ્ય હેતુ આપણા સમાજમાં રહેલી પાયાની ખાસીયત "**વ્યવસાયીકતા**"ને ફરીથી જાગૃત કરીને સમાજને વ્યવસાયીકતાની પ્રેરણા આપીને આવા લોકોનો પરિચય મેળવી નવી દિશા મેળવવાનો છે. આ ઉદ્દેશથી મહાસભાની લક્ષ્ય સમિતિના માધ્યમથી ભારતભરમાં વસતા તમામ પ્રકારના વ્યાવસાયીકોને પોતાની સિદ્ધીઓ નીચેના પ્રારૂપમાં વહેલામાં વહેલી તકે મોકલી આપવા વિનંતી છે.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
|| લક્ષ્ય ||

વિગતનું ફોર્મેટ :

(૧) પુરૂં નામ : .....

(૨) પુરૂં સરનામું : .....

(૩) ગામનું નામ તથા રાજ્ય : ..... પીનકોડ : .....

(૪) વોટ્સએપ નંબર : .....

(૫) કચ્છમાં ગામ : .....

(૬) વ્યવસાયનું નામ : .....

(૭) વ્યવસાયની ટુંકમાં વિગત : .....

(૮) વ્યવાસય ક્ષેત્રે હાંસલ કરેલ સિદ્ધીની વિગત : .....

(૯) વ્યવસાયીક રીતે મેળવેલ એવોર્ડસ-સન્માનની વિગત : .....

(૧૦) આપના વ્યવસાયની ખાસ બાબતો (What's make your business unique ?) .....

નોંધ : ઉપરોક્ત માહિતિ **તા. ૩૦/૪/૨૦૨૬** સુધીમાં નીચેના સ્થળ પર તમામ પુરા સાથે ફોટોકોપીમાં મોકલી આપવા નમ્ર વિનંતી છે. આપ સોફ્ટ કોપી પણ chauhanpg@gmail.com પર મોકલી શકો છો.

શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ - C/o. માધવ માર્કેટીંગ
૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ (ગુજરાત) ૩૬૦૦૦૧. મો.નં. ૯૪૨૬૬૩૫૧૪૨

ખાસ નોંધ : એવોર્ડસ માટેનો નિર્ણય સમિતિનો આખરી રહેશે.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

મહિલા ઉત્કર્ષ

બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન

પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરિત કરીને સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત આયોજીત ૨૩મા પ્રોજેક્ટ અંતર્ગત તા. ૦૭-૦૩-૨૦૨૬ના રોજ હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટકના આંધ્ર પ્રાદેશિક અંતર્ગત શ્રીમતી નિકિતાબેન ખોડીયાર દ્વારા બહેનોની બહોળી ઉપસ્થિતિમાં ઓનલાઇન સત્ર ખુબજ સફળતાપૂર્વક લેવામાં આવેલ.

શ્રીમતી નિકિતાબેન હિતેશભાઇ ખોડિયારએ રાંચીના શ્રીમતી નંદાબેન હરિશભાઇ રાઠોડના સુપુત્રી છે તથા શ્રીમતી નલીનીબેન રમેશભાઇ ખોડિયારના પુત્રવધુ છે. તેમણે ગ્રેજ્યુએટ - અકાઉન્ટ ઓનર્સનું અભ્યાસ કરેલ છે.

શ્રીમતી નિકિતાબેનને બાળપણથી જ રસોઇ પ્રત્યે ખુબજ રસ અને જુસ્સો રહ્યો છે. નવી નવી વાનગીઓ બનાવવી અને તેમાં પોતાની સર્જનાત્મક ઉમેરવી તેમને ખુબ ગમે છે. સમય સાથે આ શોખ એક સુંદર પેશનમાં પરિવર્તિત થયો. ખાસ કરીને પોતાની દીકરીને પૌષ્ટીક અને આકર્ષક ખોરાક ખવડાવવાનો વિચાર તેમને હંમેશા પ્રેરણા આપતી રહી છે. તેઓ માને છે કે જો ખોરાક સ્વાદિષ્ટ હોવા સાથે રંગીન, સુંદર અને બાળકોને ગમે તે રીતે રજુ કરવામાં આવે તો બાળકો આનંદથી અને આરોગ્યપ્રદ રીતે ખાઇ શકે.

આવા પ્રેરણાત્મક વિચારો સાથે નિકિતાબેને ઘરેથી પોતાની ફુડ જર્ની શરૂ કરી હોમમેડ ફુડના ઓર્ડર્સ લેવાની શરૂઆત કરી. તેમની રસોઇમાં સ્વાદ, પૌષ્ટિકતા અને સુંદર પ્રેઝન્ટેશન ત્રણેય બાબતોની ઉત્તમ સંયોજન જોવા મળે છે. ધીમે ધીમે તેમની બનાવેલી વાનગીઓને લોકોનો સારો પ્રતિસાદ મળવા લાગ્યો અને આજે તેઓ પોતાના હોમ ફુડ બ્રાન્ડ ''મેજીક હોમ કિચન બાય નિકિતા'' દ્વારા વિવિધ સ્વાદિષ્ટ અને ઘરેલુ ખોરાક લોકો સુધી પહોંચાડી રહ્યા છે.

મહિલા ઉત્કર્ષ સમિતિના "Learn & Earn" પ્રોજેક્ટ અંતર્ગત નિકિતાબેને ''કિડ્ઝ હેલ્ધી એન્ડ યમ્મી લંચ બોક્સ રેસીપી'' વિષય પર ખુબજ ઉપયોગી માર્ગદર્શન આપ્યું. જેમાં બાળકો માટે પૌષ્ટિક અને આકર્ષક મનભાવન લંચબોક્સ કેવી રીતે તૈયાર કરવો તેની વિવિધ રેસીપી અને ઉપયોગી ટીપ્સ શીખવવામાં આવી, તેમણે બતાવ્યું કે બાળકોના લંચબોક્સમાં એવા ખોરાકનો સમાવેશ કરવો જોઇએ કે જે સ્વાદિષ્ટ હોવા સાથે પૌષ્ટિક પણ હોય જેમ કે, ઓટ્સ, પનીર, રાગી, દહીં અને વિવિધ શાકભાજીથી બનેલી સરળ અને હેલ્દી વાનગીઓ સાથે જ બાળકોને ગમે તે રીતે પ્રેઝન્ટ કરવાની રીતો પણ સમજાવવામાં આવી.

નિકીતાબેન દ્વારા આ સત્ર દ્વારા બહેનોને માત્ર નવી રેસીપી શીખવા જ નહીં પરંતુ ઘરેથી નાના સ્તરે ફુડ બિઝનેસ શરૂ કરવાની પ્રેરણા પણ મળી નિકિતાબેન પોતાના અનુભવ શેર કરતા જણાવ્યું કે, જો આપણે પોતાના શોખને યોગ્ય દિશા આપીએ તો તે સ્વાવલંબનનો સુંદર માર્ગ બની શકે છે.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી નિકિતાબેન ખોડિયાર જેવા સર્વગુણ સંપન્ન, બહુમુખી પ્રતિભા ધરાવતા, રસોઇકળામાં નિષ્ણાંત, નિપુણતા ધરાવતા, ખુબજ પ્રેમાળ, લાગણીશીલ, સૌમ્ય મધુરભાષી વિનયશીલ સમાજ સેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા મહિલા ઉત્કર્ષ સમિતિ ચાઇનિઝ પ્લેટર સાથે ખુબજ ઉપયોગી બાળકોના 'હેલ્ધી લંચબોક્સ' સફળતમ ૨-૨ પ્રોજેક્ટ આપવા માટે નિકિતાબેનને હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી... અભિનંદન આપી મના ઉજ્વલ ભવિષ્યની મંગલમય શુભકામનાઓ સાથે જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે... અસ્તુ... જય સમાજ...

- અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

અન્નપુર્ણા - ૧

॥ અન્નદાન મહાદાન ॥

પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮

Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

ભગવાન ભુખ્યો ઉઠાડે છે જરૂર, પણ ભુખ્યો સુવાડશે નહીં

''ભુખ્યાને ભરપેટ ભોજન... અન્નદાન છે મહાદાન...''

આપણી મહાસભા દ્વારા સંચાલિત અનેકવિધ સમાજ ઉત્કર્ષ યોજનાઓ પૈકી ''અન્નપુર્ણા'' એક અનઅપેક્ષિત, અનઇચ્છનીય યોજના છે અને આવી યોજના ચલાવવી એ પણ મહાસભાની અનિવાર્યતા છે. એક અકલ્પનીય કરૂણતા એ છે કે આજ પણ આપણા સમાજમાં એવા સમાજબંધુઓ આપણી વચ્ચે જ અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે કે જેઓને ત્રણ ટક ભરપેટ ભોજનની કોઇ જ સગવડ નથી. ગમે તેમ કરી દુઃખના દહાડા કાપતા આવા વંચિત, પિડીત, દીનદુઃખી સમાજબંધુઓની પિડાને સત્વરે સમજી આવા કમનસિબ સમાજબંધુઓ કમ સે કમ ત્રણ ટકનું ભોજન સ્વમાનભેર મેળવી શકે તે માટે મહાસભા 'અન્નપુર્ણા' યોજના મારફતે આવા લાભાર્થીને પ્રતિમાસ રૂા. ૧૫૦૦/- રાશનકીટ માટે આપે છે. એક અનુમાન પ્રમાણે એક વ્યક્તિને ત્રણ ટકનું ભરભેટ, પોષણયુક્ત ભોજન એવં એકમદમ જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ની જરૂરીયાત રહે છે. મહાસભાએ પણ પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ પ્રતિ લાભાર્થી આર્થિક સહાય આપી એ સુનિશ્ચિત કરેલ છે કે આપણા સમાજમાં આપણો કોઇપણ ભાઇ-બહેન માત્ર નાણાકીય અભાવમાં ત્રણ ટકનું ભોજન લઇ સન્માનભેર, નિશ્ચિત થઇ જીવન સુખરૂપ વ્યતીત કરી શકે.

મહાસભાની 'સંજીવની' યોજનાની જેમ જ 'અન્નપુર્ણા' યોજના દ્વારા સમાજપ્રેમી સમાજના સુખી-સંપન્ન પરિવારો પ્રતિમાસ અમુક રકમ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને સતત પરિપૂર્ણ રાખવા પોતાનો માનવધર્મ, સમાજધર્મ નિભાવે છે. **સમાજના સુખી-સંપન્ન વર્ગની યથાશક્તિ-યથા ઇચ્છા પ્રતિમાસ અન્નદાનનો સંકલ્પ અનેક જરૂરીયાતમંદ પરિવારોની આંતરડી ઠારે છે.** રૂા. ૫૦૦ થી ૬૦૦૦ સુધીના 'અન્નપુર્ણા' સંકલ્પધારી પરિવારો, નિયમિત પ્રતિમાસ 'અન્નપુર્ણા' સહયોગ આપી જીવનભરનું પુણ્યનું ભાથું બાંધે છે. ભૂતકાળમાં અને વર્તમાન સમયમાં ભારતવર્ષમાં અને ખાસ કરીને કચ્છ-કાઠીયાવાડમાં અનેક જગ્યાએ નિઃશુલ્ક અન્નક્ષેત્રો આજ પણ કાર્યરત છે. તેવી જ રીતે આ 'અન્નપુર્ણા' એ પણ આપણા સમાજનું અખિલ ભારતીય સ્તરનું 'અન્નક્ષેત્ર' જ છે. આ અન્નક્ષેત્રમાં આપ પણ આપશ્રીના સદ્‌ગત સ્વજનોની સ્મૃતિમાં સ્મૃતિદાન તરીકે એકમૂઠ અથવા પ્રતિમાસ એક વંચિત વ્યક્તિ માટે રૂા. ૧૫૦૦/- પ્રતિમાસના ગુણાંકમાં આર્થિક સહયોગ આપી ઘરબેઠા પુણ્યશાળી બની શકો છો. આપશ્રીના નાનકડા આર્થિક સહયોગથી અનેક પિડીત, વંચિત સમાજબંધુઅઓની આંતરડી ઠરશે અને એમના સંતોષના ઓડકાર સ્વરૂપ આશીર્વાદ આપના પરિવારને રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિના શિખર પર પહોંચાડી દેશે.

'અન્નપુર્ણા'ના પ્રતિમાસ સંકલ્પધારી પરિવારોમાં કચ્છ અંજાર નિવાસી હાલ કલ્યાણ (મુંબઇ) વાસી **શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા હાલ અમેરિકામાં** પ્રતિષ્ઠિત કંપનીમાં ઉચ્ચ પદ પર જોબ કરે છે. આ સેવાધારી પરિવારના સુપુત્ર ચિ. દિપેશ જેઠવા સાત સમંદર પાર અમેરીકાથી પ્રતિમાસ રૂા. ૬૦૦૦ અન્નપુર્ણામાં અર્પણ કરી સમાજના જરૂરીયાતમંદ ચાર પરિવારની આંતરડી ઠારવાનું પુણ્યશાળી કામ કરી સમસ્ત જેઠવા પરિવારની પ્રતિષ્ઠા સમાજમાં એક મૂઠી ઊંચી અંકિત કરી છે. આપણા સમાજના યશસ્વી પ્રમુખ **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજી** પણ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી અનેક જરૂરીયાતમંદ સમાજબંધુઓની ભૂખી આંતરડીને ઠારવા માટે સહભાગી થાય છે. અંજાર નિવાસી **શ્રી એવં શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી**ની સેવાભાવના દેશ-પ્રદેશના સીમાડા ઓળંગી સર્વત્ર સુવાસ પ્રસરાવે છે. 'પ્રણામી'

સંપ્રદાયના ચુસ્ત અનુયાયી, સનાતન ધર્મ પરાયણ આ યુગલ બેલડી તો 'સત્તકર્મ' માટે સદૈવ તત્પર રહે છે. 'સંજીવની સરતાજ' આ સોલંકી દંપતિને 'અન્નપુર્ણા' યોજના વિશે જાણ થતાં જ સ્વયંભૂ રૂા. ૧૨,૦૦૦ અર્પણ કરી પોતાની સેવાયાત્રાને ઔરવધુ સાર્થક સાબિત કરી છે. 'અન્નપુર્ણા' યોજના બિલાસપુર અધિવેશનથી વિધિવત આરંભ થઇ ત્યારે જ આપણા સૌના પ્રાણ પ્યારા **'સમાજ મામા' શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (ખંભરા) – જયપુર** હરહંમેશની જેમ જ પોતાના પરિવાર તરફથી રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' માટે અર્પણ કરી 'અન્નપુર્ણા'ને શુકનવંતી શરૂઆત અપાવી અને એ ઉલ્લેખનીય છે કે 'સંજીવની સમ્રાટ' શીવલાલભાઇ ચાવડા પરિવારે 'સંજીવની' યોજનામાં રૂા. ૫,૦૦,૦૦૦ અર્પણ કરી એક અનન્ય, અપૂર્વ, અનુકરણીય પહેલ તો કરી જ છે એવા જ એક સંજીવની સરતાજ **શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા – પુના** પરિવારે પણ સ્વયંભુ રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' ને અર્પણ કરી માનવતાને મહેકાવી છે. ઉપરોક્ત સમાજપ્રેમી દાતાશ્રીઓએ પોતાનો સમાજધર્મ નિભાવી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને પરિપૂર્ણ કરવા સ્વૈચ્છીક સહયોગ આપેલ છે. અહીં આજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ સૌ સમાજપ્રેમી સમાજબંધુઓને સંવેદનાસભર વિનંતી કે આવો મિત્રો, **આપણે સૌ સાથે મળી એ સુનિશ્ચિત કરીએ કે આજથી આપણા સમાજમાં આપણો સમાજબંધુ ત્રણ ટક ભરપેટ ભોજન માટે કોઇનો ઓશિયાળો નહીં રહે.** આપના ધ્યાનમાં આવા સમાજબંધુઓ આવે તો જરૂરથી ટીમ 'અન્નપુર્ણા'ને ઉપરોક્ત સંપર્કસુત્રનો સંપર્ક કરી આંગણી ચિંધ્યાનું પુણ્ય પણ પ્રાપ્ત કરશોજી. આભાર સહ... જય સમાજ...

વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (પ્રભારી : અન્નપુર્ણા યોજના – મહાસભા)

''સાભાર સ્વિકાર'' (અન્નપુર્ણામાં નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી)

૧૨,૦૦૦	નારીરત્ન શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા – અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી)
૧૨,૦૦૦	શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (ઉપપ્રમુખશ્રી અંજાર ઘટક, પ્રભારીશ્રી સીનીયર સીટીઝન સમિતિ – અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી)
૨૪,૦૦૦	શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) (ખંભરા-જયપુર (રાજ.) (પ્રતિમાસ રૂા. ૨૦૦૦ના માનદ્ દાતાશ્રી
૧૨,૦૦૦	શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી – અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી)
૫,૦૦૦	શ્રીમતી સુરભીબેન મનહરભાઇ ટાંક – અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમીયમ દાતાશ્રી)
૫,૦૦૦	'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – પ્રમુખશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી)
૧,૦૦૦	માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલ જેઠવા – કલ્યાણ (શુભેચ્છા સહયોગ) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી)
૬,૦૦૦	શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા – કલ્યાણ – અમેરીકા (પ્રતિ માસ રૂા. ૬૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી)
૫૦૦	સ્વ. માતૃશ્રી નયનાબેન પ્રાગજીભાઇ પઢિઆરની સ્મૃતિ અર્થે હ. શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર – અંજાર – મંત્રીશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી)
૫૦૦	સ્વ. નટવરભાઇ ભનુભાઇ પરમારની પુણ્ય સ્મૃતિ અર્થે (હ. પરેશ એવં ગીરીશ પરમાર – અંજાર) (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી)
૫૦૦	માતૃશ્રી શાન્તાબેન સુર્યકાન્તભાઇ વેગડ – અંજાર (હ. શ્રી પ્રવિણભાઇ વેગડ – પ્રભારીશ્રી દેશ-વિદેશ સમન્વય સમિતિ – મહાસભા) (પ્રતિ માસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી)
૬,૩૦૦	શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ (કુંભારીયા-લાતુર) (પ્રભારી મહિલા ઉત્કર્ષ સમિતિ – મહાસભા) (પ્રતિમાસ રૂા. ૨૧૦૦ના માનદ્ દાતાશ્રી)
૧,૫૦૦	શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા, પ્રમુખશ્રી અંજાર ઘટક) જન્મોત્સવ ખુશાલી ભેટ
૧૨,૦૦૦	માતૃશ્રી પ્રાણકુંવરબેન કાંતિલાલ રાઠોડ (કુંભારીયા) – દુર્ગની પુણ્યસ્મૃતિમાં (હ. સુપુત્રી શ્રીમતી મીનાબેન જયંતભાઇ રાઠોડ – અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી)

(નોંધ : ઉપરોક્ત યાદીમાં નામ, ગામ, રકમ અંગે કંઇપણ વિસંગતતા હોય તો જાણ કરવા વિનંતી)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

યુવા મંચ

પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696

વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com

યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.

Shree K.G.K. Mahasabha અંતર્ગત **Mahila Utkarsh Samiti** સાથે **Akhil Bharatiya Yuva Mahamandal** આયોજિત

LEARN & EARN

A special opportunity for women introducing our 24th Project

By Chef Kinjal Rathod **on Date: 15th April 2026 (Wednesday)**

Don't miss this wonderful opportunity ! Come, learn new skills and explore ways to earn.

પુના યુવા મંડળ

હાલમાં ભારતમાં ક્રિકેટનો મોટો આનંદોત્સવ ઉજવાઇ રહ્યો હતો. આવા જોશભર્યા વાતાવરણમાં અમો પુનાના યુવક-યુવતીઓ પાછળ કેમ રહીએ ? પુનાના યુવા મંડળે પણ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું. તા. ૨૨-૦૨-૨૦૨૬, રવિવારે યુવા મંડળના લગભગ ૪૦ થી ૫૦ યુવક-યુવતીઓ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં સાંજે ૪ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ક્રિકેટ મેચનું આયોજન કર્યું હતું. મહારાષ્ટ્રના આદ્ય દૈવત શ્રી છત્રપતિ શિવાજી મહારાજના નામે ૪ ટીમે એમના નામ રાખવામાં આવ્યા હતા. જેમાં (૧) શ્રી શિવાજી મહારાજ સ્ટ્રાઇકર (૨) શ્રી શિવાજી મહારાજ વૉરિયર (૩) સ્વરાજ્ય સૂપર કિંગ અને (૪) શ્રી શિવાજી મહારાજ બ્લાસ્ટર. આ પ્રમાણે ૪ ટીમ બનાવી ૬ થી ૭ ઓવરની મેચ રાખવામાં આવી હતી. ૭મી ફાઇલન મેચ રમવા પહેલા સર્વે ખેલાડીઓ મળીને અલ્પાહારનો આસ્વાદ લીધો બાદ ફાઇનલ મેચમાં શ્રી છત્રપતિ વૉરિયર્સ ટીમનો વિજય થયો હતો. રનર્સઅપ ટીમ સ્વરાજ્ય સૂપર કિંગ રહ્યો. વૈયક્તીક રીતે મેન ઓફ ધી સીરીઝ શ્રી મનોજભાઇ યાદવ રહ્યા. બેસ્ટ બોલર ઓફ ધી સીરઝ શ્રી વીરેનભાઇ સાવરિયા અને બેસ્ટ બેટ્સમેન ઓફ ધી સીરીઝ શ્રી પ્રિયેશભાઇ સોલંકીને ટ્રોફી આપી સૌ પ્લેયર્સનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ રાત્રે ૧૦ વાગે સૌએ આનંદથી વિદાય લીધી હતી. કાર્યક્રમને સફળ બનાવવા યુવા મંડળના પ્રમુખ શ્રી પ્રિયેશભાઇ સોલંકી, મિલાપભાઇ ટાંક, મૌસમી ટાંક, તેજેન્દ્રભાઇ ચાવડા, ઉગમભાઇ ટાંક, પૂનમ ટાંકએ સારો સાથ-સહકાર આપી કાર્યક્રમને યશસ્વી બનાવ્યો હતો.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :
સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
ચેકઇન ટાઇમ : સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય - કુકમા

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય-કુકમાની કારોબારી બેઠક સંસ્થાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને તા. ૦૧/૦૩/૨૦૨૬ના રોજ મળેલ હતી. તેમની સાથે ઉપપ્રમુખો શ્રી વિનોદભાઇ ચૌહાણ, શ્રી પ્રભુલાલભાઇ પરમાર, પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર, માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનભાઇ ચૌહાણ, સહાયક શ્રીમતી અનસુયાબેન પરમાર, મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણ, સહમંત્રીઓ શ્રી રસીકભાઇ ચૌહાણ, શ્રી ઉમંગભાઇ પરમાર તથા કોષાધ્યક્ષ શ્રી અનિલભાઇ ચૌહાણે સ્થાન ગ્રહણ કરી દીપ પ્રાગટ્ય કરેલ હતું. ગત બેઠકની મિનિટ્સને બહાલી બાદ એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

તાજેતરમાં યોજાયેલ વિદ્યાર્થીનીઓના દ્વારકા પ્રવાસમાં આર્થિક સહયોગ આપનાર 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, ડૉ. મનોજભાઇ સોલંકી, શ્રી બાબુલાલભાઇ ચૌહાણ તથા શ્રી દામજીભાઇ વરૂ (દરેકના રૂા. ૧૧,૦૦૦) તથા દ્વારકા સમાજ ભવનમાં સુંદર વ્યવસ્થા કરનાર ઓખા મંડળ ટ્રસ્ટના પ્રમુખશ્રી, હોદ્દેદારો તથા અન્ય સહયોગીઓનો આભાર માનવામાં આવેલ હતો. કન્યા છાત્રાલયની સ્થાપનાને ૩૦ વર્ષ પુરાં થતાં આગામી સમયમાં ઉપપ્રમુખશ્રી વિનોદભાઇ ચૌહાણના સંયોજક પદે ''મોતી મહોત્સવ'' ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તરફથી ચાલુ નાણાંકીય વર્ષમાં મળેલ નોંધપાત્ર દન બદલ આભાર માનવામાં આવેલ હતો. સંચાલન મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણે તથા આભારવિધી સહમંત્રી શ્રી ઉમંગભાઇ પરમારે કરેલ હતી.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય પ્રાદેશિક ટ્રસ્ટ

શ્રી ક.ગુ.ક્ષ. સાર્વજનિક ટ્રસ્ટ - કચ્છ તથા શ્રી ક.ગુ.ક્ષ. સાર્વજનિક ટ્રસ્ટ - માધાપર દ્વારા સંસ્થાના પૂર્વ પ્રમુખ સ્વ. કાન્તિલાલ રામજીભાઇ પરમારના થયેલ દુ:ખદ અવસાન બદલ શોક વ્યક્ત કરવામાં આવેલ હતો. સદ્‌ગત સ્વ. કાન્તીભાઇ પરમારની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી બન્ને ટ્રસ્ટોને રૂા. ૨૫,૦૦૦ (કુલ્લે રૂા. ૫૦,૦૦૦) નું દાન આપવામાં આવેલ છે. ટ્રસ્ટના પ્રમુખો શ્રી વિનોદભાઇ ચૌહાણ, શ્રી મોહનભાઇ ચૌહાણ, મંત્રી શ્રી વેલજીભાઇ ચૌહાણ દ્વારા તેમના ધર્મપત્ની ગં.સ્વ. દેવુબેન, સુપુત્રો શ્રી કિશોરભાઇ, શ્રી ધીરજભાઇ, શ્રી કિરણભાઇ તથા સુપુત્રી શ્રીમતી દક્ષાબેન હરસુખભાઇ ચૌહાણનો આભાર માનવામાં આવેલ હતો.

Unlock Your
Financial Future with Expert
Mutual Fund Guidance!

1 *Daily Investment tracking on personalized android app.*
2 *FREE Audio Video insights about mutual funds by industry leaders.*
3 *Investments starting from ₹1000/-.*
4 *Benefit from 17 years of personal investment experience*

AMIT GOPAL CHAUHAN
Mutual Fund Distributor
12, Ashwamegh complex, Vijay Nagar, Anjar (Kachchh) Gujarat 370110
Contact : 8401482462, 8866933113
E-mail : amit2462@agcmfd.com, **Website :** www.agcmfd.com
Excel your personal financial Growth... Simply !

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય-આદિપુર આયોજીત એવં શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ-આદિપુર ઘટક સહકારિત

સ્વસ્થ પરિવાર...શ્રેષ્ઠ પરિવાર...શ્રેષ્ઠ સમાજ... આધ્યાત્મિક સ્નેહમિલન

તા. ૧૫-૦૩-૨૦૨૬, રવિવાર, સ્થળ : શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ ભવન, આદિપુર

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર વિશ્રાંતિ ભવન-૨ લોકાર્પણ સમારોહની તસવીરો

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર વિશ્રાંતિ ભવન-૨ લોકાર્પણ સમારોહની તસવીરો

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર વિશ્રાંતિ ભવન-૨ લોકાર્પણ સમારોહની તસવીરો

અંજાર ઘટક આયોજીત ૫૩મા વસંતપંચમી સમુહ લગ્નોત્સવ-૨૦૨૬ની તસવીરો

Sh. Bhogilal Devsibhai Chawda Family - Mundra

Akshita Weds Parth

22nd Feb. 2026

Lt. Kishorbhai Gangarambhai Varu Family - Gulbarga

Sh. Bhogilal Devsibhai Chawda Family - Mundra

Akshita Weds Parth
22nd Feb. 2026

Lt. Kishorbhai Gangarambhai Varu Family - Gulbarga

Akshita Weds Parth

22nd Feb. 2026

Sh. Bhogilal Devsibhai Chawda Family - Mundra

Lt. Kishorbhai Gangarambhai Varu Family - Gulbarga

Sh. Bhogilal Devsibhai Chawda Family - Mundra

Akshita Weds Parth
22nd Feb. 2026

Lt. Kishorbhai Gangarambhai Varu Family - Gulbarga

વડોદરા ઘટક દ્વારા આયોજીત વડીલ વંદના તેમજ વડીલ સ્નેહમિલન કાર્યક્રમની ઝલક

શ્રી દેવલીયા ગુર્જર ક્ષત્રિય સમાજ

મુ.પો. દેવલીયા, તા. અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦.

નમ્ર વિનંતી

દેવલીયા ગામનાં બહાર વસતા ભાઈઓને નમ્ર વિનંતી કરવામાં આવે છે કે, દેવલીયા ગામે ગુર્જર ક્ષત્રિય સમાજ (મિસ્ત્રી સમાજવાડીનું આયોજન મુજબ કામ ચાલુ છે. આ સમાજવાડી ૯૦૦૦ ચો.ફુટમાં બની રહી છે જેમાં ૬ રૂમ, ૩ મોટા હોલ, રસોડાનો શેડ પૂર્ણ થવાની આરે છે. દેવલીયા ગામનાં બહાર વસતા ભાઈઓને અપીલ કરવામાં આવે છે કે આપને પણ આજ નહીં તો કાલ આ આપણું સમાજ ભવન આપને પણ ઉપયોગી થશે. તો આપને આ સમાજ ભવન માટે સહયોગી બની દેવલીયા ગામનું ઋણ ઉતારવા વિનંતી છે. અમે તમારી પાસે ભેટ રૂપી ''કુલ નહીં તો કુલની પાંખડીઓ'' આપી શકો છો. આ ગામની ધરતી ઉપર તમે નાના-મોટા ન થયા હો પણ આપના વડીલો આ ગામના છેડેથી ભારતભરનાં છેડે ગયા છે તો અમારી વિનંતી ધ્યાનપૂર્વક વિચારશો. જય સમાજ...

ઓનલાઈન અનુદાન જમા કરાવવા માટે : **Bank of Baroda - Anjar, A/c.No. 037401000071080, IFSC Code : BARB0ANJARX**

:: બાંધકામ સમિતિ :: **હિંમતલાલ ભવાન ચાવડા** - પ્રમુખશ્રી, દેવલીયા ઘટક - મો. ૯૭૨૬૧૩૯૩૧૨

હિતેશ ગોકુળભાઈ રાઠોડ - મો. ૯૮૨૫૮૬૪૯૪૫

પરેશ નૌતમલાલ ચૌહાણ - મો. ૯૯૦૯૫૨૩૩૧૯

પ્રભુલાલ એ. ચાવડા - મો. ૯૯૦૯૦૬૮૯૫૭

કીરીટ ધીરજલાલ રાઠોડ - મો. ૯૭૨૫૨૬૬૯૬૮

પ્રદિપ અમરશીભાઈ ચૌહાણ - મો. ૯૩૭૬૫૭૫૮૫૬

ગીરીશ દયારામભાઈ ચૌહાણ - મો. ૭૦૧૬૬૬૩૧૦૬

દેવલીયા, તા. અંજાર (કચ્છ)

હાર્દિક અભિનંદન

શ્રીમતી નિધીબેન રાજેશભાઈ રાઠોડ

મામલતદારશ્રી - હળવદ

મુળ ગામ : મેઘપર કુંભારડી, હાલે : સાણંદ

આકાશને આંબવાની ઈચ્છા મહિલાને મજબૂત અને મહાન બનાવે છે. તે રીતે મહેનત, લગન અને પ્રમાણિકતાના સુંદર ફળ સ્વરૂપે સુરેન્દ્રનગર જીલ્લાના લખતર તાલુકામાં ડેપ્યુટી મામલતદાર તરીકે ઉત્તમ ફરજ બજાવ્યા બાદ **શ્રીમતી નિધીબેન રાઠોડ** ની હળવદ તાલુકાના **મામલતદારશ્રી** તરીકે નિયુક્તિ થયેલ છે.

જે તેમના માવિત્ર અને શ્વસુર પક્ષ માટે ગૌરવની વાત છે.

આગામી જવાબદારીમાં પણ તેઓશ્રી સફળતા પ્રાપ્ત કરે અને પરિવાર અને સમાજનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ... ખુબ ખુબ અભિનંદન... અભિનંદન... !

:: શુભેચ્છક ::

લીલાવંતીબેન મહેન્દ્રભાઈ હેમરાજભાઈ રાઠોડ (સાસુ–સસરા) સાણંદ
પ્રગિતાબેન પ્રભુલાલભાઈ વલમજીભાઈ ચાવડા (માતા–પિતા) વડોદરા
રાજેશભાઈ મહેન્દ્રભાઈ રાઠોડ (પતિ)

સતિશભાઈ રાઠોડ
પીનાબેન રાઠોડ
જીતેન્દ્રભાઈ રાઠોડ
અવનિબેન રાઠોડ
નેહમ પ્રભુલાલ ચાવડા
નેહાબેન નેહમ ચાવડા

હિતેશભાઈ નાનાલાલ ચૌહાણ (રાયપુર)
મમતાબેન ચૌહાણ
રીતેશકુમાર ચૌહાણ
વંદનાબેન ચૌહાણ
હિનેશભાઈ ચૌહાણ
શોફીબેન ચૌહાણ

રાઠોડ તથા ચાવડા પરિવારની હાર્દિક શુભકામનાઓ...

શુભ વિવાહ

કુળદેવી શ્રી ચામુંડા માતાજીના આશીર્વાદથી
મુળ ગામ : ચંદિયા, હાલે નાગપુર નિવાસી
સ્વ. મગનભાઈ કરસનભાઈ ચાવડા તથા
સ્વ. મુક્તાબેન મગનભાઈ ચાવડાના સુપૌત્ર તથા
શ્રી હર્ષદભાઈ મગનભાઈ ચાવડા તથા શ્રીમતી
હીનાબેન હર્ષદભાઈ ચાવડાના સુપુત્ર

ચિ. શ્રેયાંશ સંગે **ચિ. વૃંદા**

ના શુભ લગ્ન મુળ ગામ : કુકમા,
હાલે સોલાપુર નિવાસી સ્વ. કાંતિલાલભાઈ પરમાર
તથા સ્વ. રંજનબેન કાંતિલાલ પરમારની સુપૌત્રી
તથા શ્રી જતીનભાઈ કાંતિલાલભાઈ પરમાર તથા
શ્રીમતી હર્ષાબેન જતીનભાઈ પરમારની સુપુત્રી સાથે
તા. ૧૪-૦૨-૨૦૨૬ના રોજ નાગપુર (મહારાષ્ટ્ર)
મધ્યે સંપન્ન થયેલ છે.

નવદંપતિને અભિનંદન સહ શુભકામનાઓ...

:: શુભેચ્છક ::

શ્રી પુનિતભાઈ અમૃતલાલભાઈ ટાંક શ્રીમતી ભારતીબેન પુનિતભાઈ ટાંક

કુમાર હર્ષદભાઈ ચાવડા

।। શુભ વિવાહની હાર્દિક અભિનંદન ।।

મૂળ કુંભારીયાના હાલે આદિપુર (કચ્છ) નિવાસી શ્રી ચંદ્રકાન્તભાઈ જયંતિલાલ સોલંકી (પ્રમુખશ્રી, આદિપુર ઘટક) તથા
અ.સૌ. ચેતનાબેન ચંદ્રકાન્તભાઈ સોલંકીના સુપુત્ર

ચિ. ભાવિ (મ્યુનિક સીટી, જર્મની) ના શુભ લગ્ન **ચિ. ઈઝાબેલ** (મ્યુનિક સીટી, જર્મની)

મૂળ જર્મન, હાલે મ્યુનિક, જર્મની નિવાસી શ્રીમતી જૂટાકેપ અને સ્વ. જોસ લુઈસ ફર્નાન્ડો એરીસ્ચે કોકોની સુપુત્રી સાથે
તા. ૨૦-૦૨-૨૦૨૬, શુક્રવારના રોજ આદિપુર (કચ્છ) મધ્યે હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી ખુબજ ધામધૂમથી સંપન્ન થયા છે.
નવદંપતિને ખૂબ ખૂબ અભિનંદન સહ આશિર્વાદ....

Riddhi Tank

Date of Birth	: 14th December 1998
Time of Birth	: 00:34 hrs
Place of Birth	: Nagpur (M.H.)
Native Place	: Hajapar
Gotra	: Vatsa
Kuldevi	: Shree Chamunda Maa
Rashi	: Dhanu (Sagittarius)
Height	: 5 feet 5 inches
Education	: M.Sc. Strategic Marketing & Consulting (University of Birmingham, UK)
Job	: Working at Affinity Global Inc., Mumbai
Hobbies	: Reading, Travelling
G.Father	: Lt. Kantilal Narayan Tank
G. Mother	: Lt.Vidya Kantilal Tank
Father	: Mr. Pritesh Kantilal Tank
Mother	: Mrs. Shipra Pritesh Tank
Nanaji	: Lt. Arun Harishankar Bhargava
Naniji	: Smt. Kanak Arun Bhargava
Tauji	: Mr. Sumeet Kantilal Tank, UAE
Chacha	: Mr. Nishant Kantilal Tank, UK
Mama	: Mr. Ankit Arun Bhargava
Masi	: Mrs. Shikha Ashish Bhargava
Masi	: Mrs. Shilpi Satyanarayan
Sister	: Ms. Ketaki Tank
Contact No.	: 91-9890910000
Address	: 501, Ganga's Akash Ganga Apartments, JB Thakkar Marg., Giripeth, Nagpur - 440010

પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

ઉજ્જૈન ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઉજ્જૈન ઘટકની સાધારણ સભા દિપાવલી મિલન સમારોહ એવમ નવ વર્ષ મિલન સમારોહ આજ દિનાંક ૨૧ ૧૦ ૨૦૨૫ વાર મંગળવારના દિવસે શ્રી ગુજરાતી સમાજ વેદનગર નાનાખેડા ઉજ્જૈનમાં સવારે ૧૧:૦૦ વાગે આયોજન કરવામાં આવ્યું બેઠકમાં શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઘટક ઉજ્જૈન સમિતિના સમસ્ત પદાધિકારી કાર્યકારણી સદસ્ય એવા સમસ્ત સમાજના સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત થયા હતા. સાધારણ સભામાં નીચે મુજબ અનુસાર કાર્યવાહી કરવામાં આવી હતી.

સર્વ પ્રથમ નવનિર્વાચિત ઘટક પ્રમુખ શ્રી જયહિન્દભાઇ ત્રીકમજીભાઈ ચાવડા, ઘટક ઉપાધ્યક્ષ શ્રી મહેશકુમાર નરસિંહભાઈ સોલંકી, ઘટક મંત્રી શ્રી લલીતભાઈ વેલજીભાઈ વેગડ, સહમંત્રી શ્રી હસમુખભાઈ જીવરામભાઇ ચૌહાણ, ઘટક કોષાધ્યક્ષ શ્રી રવિન્દ્રકુમાર હરિભાઈ જેઠવા એવમ કાર્યકારની સદસ્ય શ્રી દિનેશચંદ્ર અમરસિંહ વરુ, શ્રી અનિલભાઈ વાસુદેવભાઈ ચાવડા, શ્રી ભુપેન્દ્રભાઈ નાનાલાલભાઈ વેગડ, શ્રી હરિશભાઈ પુરુષોત્તમભાઈ પરમાર, શ્રીમતી કલ્પનાબેન દિનેશભાઈ ચૌહાણ દ્વારા મિલન સમારોહમાં પધારેલ ઘટકના સર્વે સભ્યોનું અભિવાદન અને નવવર્ષની શુભકામના આપવામાં આવી હતી.

ઘટકનું વાર્ષિક આય-વ્યયનું હિસાબ કોષાધ્યક્ષ શ્રી રવીન્દ્રકુમાર હરિભાઈ જેઠવા દ્વારા રજૂ કરવામાં આવે સાધારણ સભામાં દ્વિતીય વર્ષ ૨૦૨૪ ૨૫ એવમ ચાલુ વીતીય વર્ષ ૨૦૨૫ ૨૬ માં આવેલ આકસ્મિક પારિવારિક શબ્દ સહાયતા નું અનુમોદન ઘટક ના રજીસ્ટ્રેશન નું નવીનીકરણ ઉપર થયેલ. ખર્ચ મહાસભા પ્રમુખશ્રી વિનોદભાઈ પરસોત્તમભાઈ સોલંકી મહાસભા વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ ખોડીયાર મહાસભા વરિષ્ઠ સંસ્થાપક સદસ્ય શ્રી વિશ્વંભરભાઈ રાઠોડ દ્વારા ઉજ્જૈન ઘટકનું સ્વાગત અને સમાજના સમસ્ત સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત હતા તથા સમાજ દ્વારા સમસ્ત પરીવાર પદાધિકારીઓનું સન્માન અને ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી એનું ખર્ચનું અનુમોદન અને અન્ય ખર્ચનું અનુમોદન લેવામાં આવ્યું હતું.

ઉજ્જૈનમાં દર બાર વર્ષમાં કુંભનો વિશાલ ધાર્મિક મેલો લાગે છે જેમાં આપણા સમાજના દેશ-વિદેશમાં નિવાસ કરતા સમસ્ત સમાજજનો ઘણી સંખ્યામાં આવે છે એમની સુવિધા માટે ઉજ્જૈન ઘટક ના પરિવારો અને સમાજના માનનીય દાન દાતાઓના સંયોગથી મેલા ક્ષેત્રમાં એક વિશાલ કેમ્પનું આયોજન ભોજન અને આવાસ ની વ્યવસ્થા નિશુલ્ક કરવામાં આવે છે આ વખતે સન ૨૦૨૮માં ઉજ્જૈનમાં કુંભનો મેળો લાગશે એની રૂપરેખા બનાવવા માટે એક સમિતિ નું ગઠન કરવામાં આવશે

દીપાવલી મિલન સમારોહમાં મહિલા મંડળ ઉજ્જૈન ઘટક ના ચુનાવ સંપન્ન થયા જેમાં પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન ચૌહાણ ઉપપ્રમુખ શ્રીમતી દીપિકાબેન વેગળ મંત્રી શ્રીમતી મીનાબેન ચૌહાણ કોષાધ્યક્ષ શ્રીમતી અરુણાબેન ચાવડા સહમંત્રી શ્રીમતી ડિમ્પલબેન ચાવડા શ્રીમતી કવિતાબેન રાઠોડ સર્વ સંમતિથી નિર્વાચિત થયા હતા.

અંતમાં સમસ્ત સભ્યો દ્વારા દિપાવલી અભિનંદન અને નવ વર્ષ મિલન સમારોહમાં સ્વાદિષ્ટ ભોજન નો આનંદ લીધો અને સભા સમાપ્ત થઈ આ વર્ષે ભોજન નું આયોજન શ્રી હિંમતલાલભાઈ મણીલાલભાઈ વરુ અને ઘટકના સર્વે સભ્યોના સહયોગ દ્વારા કરવામાં આવેલ હતું આગલા વર્ષે સન ૨૦૨૬ના દિપાવલી અભિનંદન એવમ નવ વર્ષ મિલન સમારોહ આયોજન માટે શ્રી કેયુરભાઈ વસંતભાઈ ચાવડા અને ઘટકના સર્વે સભ્યો

દ્વારા રજૂ કરવામાં આવશે મિલન સમારોહ નું સંચાલન ઘટકના પ્રમુખ શ્રી જય હિન્દભાઇ ચાવડા દ્વારા કરવામાં આવ્યું અને આભાર સમાજના મંત્રી શ્રી લલીતભાઈ વેગડ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉજ્જૈન ઘટક દ્વારા વાર્ષિક પિકનિક નું આયોજન તારીખ ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું તેમાં સમાજના સભ્ય ભાઈઓ અને બહેનોએ પરિવાર સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો. પિકનિકનું આયોજન ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદી કિનારે નરસિંહ ઘાટ ઉપર હરસિદ્ધિ માતાજી શક્તિપીઠ ના પાછળ હતું. તો બધાય ત્યાં મંદિરના દર્શન કર્યા અને ઠંડીમાં સૂર્યનારાયણ દેવની ઉપસ્થિતિમાં આનંદ લીધું. પિકનિકમાં આનંદ કરવા માટે નાના બાળકો અને બધાય માટે ખેલકુદ અને વિવિધ હરિફાઈ નું પ્રોગ્રામ રાખવામાં આવ્યું હતું તેમાં (૧) ૫ થી૧૦વર્ષ આયુ ના ગ્રુપમાં પ્રથમ અભિમન્યુ રાઠોડ, દ્વિતીય દિવા ચાવડા, તૃતીય હની પરમાર, (૨)૧૧ થી૧૫ વર્ષ આયુ ગ્રુપમાં પ્રથમ સંજીવની ચાવડા ,દ્વિતીય સ્વસ્તિકા ચાવડા, તૃતીય સાંમ્ભવી રાઠોડ. (૩)મહિલા મંડળ ગ્રુપમાં પ્રથમ પૂનમબેન ચૌહાણ ,દ્વિતીય કવિતાબેન રાઠોડ ,તૃતીય અરુણાબેન ચાવડા. (૪) ઘટક ભાઈઓ નું ગ્રુપમાં પ્રથમ અશોક ચાવડા ,દ્વિતીય ખુશાલભાઈ ચાવડા ,તૃતીય હરિશભાઈ પરમાર. (૫)કપલ ગ્રુપમાં પ્રથમ દીપિકા ભુપેન્દ્ર વેગડ, દ્વિતીય પૂનમ બેન દેવેશ ચૌહાણ ,તૃતીય રશ્મિબેન અશોક ચાવડા વિજયી થયા હતા.

ત્યાર બાદ ઘટકના પુર્વ અધ્યક્ષ અને વરિષ્ઠ આદરણીય શ્રી જયંતીભાઈ ટાંક અને તેમના ધર્મ પત્ની શ્રીમતી કલાવતીબેન નું સમ્માન વર્તમાન ઘટક અધ્યક્ષ શ્રી જયહિન્દભાઇ ચાવડા અને સચિવ શ્રી લલીતભાઈ વેગડ અને કોષાધ્યક્ષ શ્રી રવીન્દ્રભાઈ જેઠવા તથા મહિલા મંડળ પ્રમુખશ્રી કલ્પનાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું. ત્યાર બાદ બધાએ માલવા ના પ્રસિદ્ધ દાલબાફલા, લાડવા સાથે ભોજનનો આનંદ લીધો.અને પછી બધાએ હાઉજી નુ પણ આનંદ લીધૂ.ત્યારબાદ બધા વિજેતાઓ ને પારિતોષિક સમાજ ના વરિષ્ઠ અને પદાધિકારી દ્વારા આપવામાં આવ્યું.

અંત માં ઘટક અધ્યક્ષ શ્રી જયહિન્દભાઈ ચાવડા એ મહિલા મંડળ પ્રમુખશ્રી કલ્પનાબેન ચૌહાણ, સચિવ શ્રી લલીતભાઈ વેગડ, કોષાધ્યક્ષ શ્રી રવિન્દ્ર ભાઈ જેઠવા, ઉપાધ્યક્ષ શ્રી મહેશભાઈ સોલંકી, સહમંત્રી શ્રી હસમુખભાઈ ચૌહાણ, પુર્વ અધ્યક્ષ શ્રી અરવિંદભાઈ ચાવડા, પુર્વ કોષાધ્યક્ષ શ્રી ખુશાલભાઈ ચાવડા, અને વર્તમાન ઘટક સમીતી સદસ્ય શ્રી દિનેશભાઇ વરુ, શ્રી અનિલભાઈ ચાવડા, શ્રી ભુપેન્દ્રભાઈ વેગડ, શ્રી હરીશભાઈ પરમાર કલ્પનાબેન ચૌહાણ દ્વારા આભાર વ્યક્ત કરવા માં આવ્યું હતું.

માધાપર ઘટક

માધાપર ઘટક દ્વારા સમાજ ભવન મધ્યે તા. ૦૧-૦૩-૨૦૨૬, રવિવારના રોજ સુવર્ણપ્રાશન ઔષધી પીવડાવવાનો ૧૪મો કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૯૫ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિઃશુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતીલાલભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રી રાજેશભાઇ ચાવડાએ જહેમત ઉઠાવી હતી અને તેમના હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતા. સુવર્ણપ્રાશન ઔષધી અભિયાનમાં દરેક સમાજના બાળકો અને નુતન

કેળવણી મંડળના બાળકોએ પણ લાભ લીધો હતો. જેમાં નુતન કેળવણી મંડળના પ્રિન્સીપાલ શ્રીમતી પ્રતિમાબેન રાઠોડ, શિક્ષિકા શ્રીમતી કંચનબેન સોલંકી અને શ્રીમતી કવિતાબેન ચૌહાણનો સહકાર મળેલ હતો.

માધાપર ઘટક અને રામકૃષ્ણ મઠ ભુજ દ્વારા આયોજીત દરેક સમાજ માટે નિઃશુલ્ક હોમિયોપેટિક નિદાન અને સારવાર

કેમ્પ માધાપર સમાજ ભવન મધ્યે તા. ૧૧-૦૩-૨૦૨૬, બુધવારના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતીલલ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ દરેક સમાજના લોકો માટે ફ્રીમાં નિદાન કરી એક માસની ફ્રીમાં દવાઓ આપવામાં આવેલ હતી. રામકૃષ્ણ મઠ-ભુજના ડૉ. વિશાલ વ્યાસ, ડૉ. વિશ્વા પારેખ, ડૉ. ઇશા ભાટીયા અને જાવેદ ચાકીએ સેવા આપેલ હતી. નિ:શુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પમાં કુલ ૮૧ લોકોએ નિદાન કરાવેલ હતું. કેમ્પમાં ઘટક પ્રમુખ જયંતિલાલભાઇ વાઘેલા, મંત્રી દીપકભાઇ ચૌહાણ, સહમંત્રી દિનેશભાઇ ચાવડા, ગિરીશભાઇ ચૌહાણ, છોટાલાલ વરૂ, કાંતિલાલ સોલંકી અને રાજેશભાઇ ચાવડાએ જહેમત ઉઠાવેલ હતી.

ભિલાઇ ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભિલાઈ ઘટકની વાર્ષિક સામાન્ય સભા , ૦૮.૦૨.૨૦૨૬ રવિવાર રોજે સમાજ પ્લોટ પર યોજવામાં આવી હતી. સામાન્ય સભાનું ટાઈમ ૧૦:૩૦થી હતું પણ ઓછી ઉપસ્થિત ન લીધે, ૧૧:૩૦ થી સભાની શરૂઆત કરવામાં આવી, જે ૫:૦૦ વાગા સુધી સમ્પન્ન થયી હતી. ઘટક પ્રમુખશ્રીની અનુપસ્થિતિમાં કાર્યક્રમની અધ્યક્ષતા ઉપપ્રમુખ આદરણીય શ્રી અર્જુનલાલભાઈ રણછોડભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત વરિષ્ઠ મહિલા સભ્યો દ્વારા દીપ પ્રગટાવીને, પ્રાર્થના અને સ્વાગત ગીતથી થઈ હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત બધા સભ્યોએ ગતવર્ષ દિવંગત થયેલ સદસ્યોને બે મિનિટ નું મૌન રાખી શ્રદ્ધાંજલિ આપી. યુવા મંડળ, મહિલા મંડળ, ખજાનચી અને ઘટક મંત્રીના ઉદ્બોધનો પછી, ઉપપ્રમુખશ્રીએ પોતાનું ઉદ્બોધનમાં પ્રમુખશ્રી રાજેશભાઈ ગોવિંદભાઈ ચૌહાન દ્વારા મોકલાવેલ રાજીનામાનું વાચન કરીયું, જેને સભા સદસ્યો દ્વારા સર્વસમ્મતિથી સ્વીકારવામાં આવ્યું હતું.

કાર્યક્રમની અધ્યક્ષતા કરતા ઉપપ્રમુખશ્રી દ્વારા નવી પરિસ્થિતિ મુજબ નવા પ્રમુખની ચુંટણી પ્રક્રિયા ગુપ્ત મતદાન દ્વારા કરવામાં આવી હતી, અને વોટની ગણતરી પછી શ્રી મનીષભાઈ મનોહરલાલ વાઢેરને આગામી સત્રના ત્રણ વર્ષ ૨૦૨૬ થી ૨૦૨૮ સારુ નવા પ્રમુખ ઘોષિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થિયોંને સરસ્વતી પુરસ્કાર દેવા પછી નવ યુવા મંડળ અને ભૂતપૂર્વ યુવા મંડળના સભ્યો દ્વારા ગેમ્સ રમાડવામાં આવ્યું હતું. સામૂહિક રાષ્ટ્રગાન કર્યા પછી ગ્રુપ ફોટો લેવામાં આવ્યું. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભિલાઈ ઘટકની વાર્ષિક સામાન્ય સભા ૨૦૨૬માં ઉપસ્થિત સદસ્યો હર્ષિત અને આનંદિત થયા હતા.

ચાઇબાસા ઘટક

ચાઇબાસા ઘટક દ્વારા મહિલા મંડળના સહયોગથી હોળી મિલન સમારોહનું આયોજન ખુબજ ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ હોળીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ત્યાર બાદ રંગોત્સવના અભિવાદન રૂપે બધાએ એકબીજાને રંગ લગાવી મંગલ પર્વને વધાવ્યું હતું. કાર્યક્રમમાં હાજર સર્વેએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને અંતે સ્વાદિષ્ટ રાત્રી ભોજન ગ્રહણ કરી સૌ છુટા પડ્યા હતા.

આ ઉપરાંત શ્રી રામદેવપીર જયંતી તથા શ્રી જલારામ જયંતી જેવા માંગલિક ઉત્સવો પણ શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવ્યા હતા. આ અવસરે પ્રભાત ફેરી કાઢવામાં આવી હતી અને ત્યાર બાદ સમાજના સર્વે ભાઇ-બહેનોએ મહાપ્રસાદનો આનંદ લીધો હતો. બંને આયોજનમાં સર્વેએ મોટી સંખ્યામાં ભાગ લઇને

ઉત્સવોને સફળ બનાવ્યા હતા.

દર વર્ષની જેમ આ વર્ષે પણ આરાધના અને ઉપાસનાનો પર્વ નવરાત્રી મહોત્સવ ખુબજ ભવ્યતાથી ઉજવવામાં આવ્યો હતો. દરરોજ માતાજીની સ્તુતિ અને આરતીથી વાતાવરણ ભક્તિમય બની જતું હતું. ગરબાની રમઝટ સાથે સૌ રાસોત્સવમાં ભાવવિભોર થયા હતા. નવરાત્રી નિમિત્તે વિવિધ કાર્યક્રમો જેવા કે બાળકો અને બહેનો માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોએ આ નવતર પ્રોગ્રામમાં ઉમંગભેર ભાગ લીધો હતો. વિજ્યાદશમીના દિવસે સિંદૂર પૂજન તથા શરદ પૂનમના અવસરે સરસ્વતી સન્માન સમારોહ યોજી તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમોને સફળ બનાવવામાં સમસ્ત સમાજના ભાઇઓનો સાથ-સહકાર મળ્યો હતો.

બાલાઘાટ ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ બાલાઘાટ ઘટક દ્વારા વરિષ્ઠ નાગરિક મંડળનું ગેટ-ટુગેધર તેમજ જાન્યુઆરી-ફેબ્રુઆરી માહમાં આવેલ સભ્યોના જન્મદિવસની ઉજવણી કાર્યક્રમનું આયોજન તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬, રવિવારના સાંજે ૬.૦૦ કલાકે સમાજવાડી મધ્યે કરવામાં આવ્યું હતું.

વરીષ્ઠ નાગરીક મંડળના સભ્યો ૬.૦૦ કલાકેથી સમાજવાડીમાં ભેગા થયા હતા. સમયસર પધારનાર પ્રથમ પાંચ સદસ્યોને હર્ષભેર આવકારતા ઘટકના પદાધિકારીઓ-મહિલા મંડળ તેમજ યુવા મંડળના સર્વે આગેવાનોએ સ્વાગત કરતા તેઓને ઉપહાર આપવામાં આવેલ હતા. કાર્યક્રમનું પ્રારંભ કરતા સર્વે સભ્યો હાઉસી તેમજ વિવિધ રમત-ગમતના ઉપરાંત સહુએ પુરસ્કારો મેળવ્યા હતા.

આ મહિને વરીષ્ઠ નાગરિક મંડળના નવા જોડાયેલા વરીષ્ઠ સભ્યોનું સહુ સદસ્યો દ્વારા અભિનંદન કરવામાં આવેલ. ત્યાર બાદ એ સભ્યો જેમનો જન્મદિવસ જાન્યુઆરી-ફેબ્રુઆરી માહમાં આવે છે તેઓના પરિવારજનોની ઉપસ્થિતિમાં જન્મદિવસ નિમિત્તે કેક કાપી જન્મદિવસના ગાયન કરતા એકબીજાને કેક ખવડાવી જન્મદિવસ ઉજવ્યું સાથે જ તેઓને જન્મદિવસની વધામણીનું અભિનંદન પણ પત્ર પણ આપવામાં આવેલ. આ કાર્યક્રમના સહયોગી દાતાશ્રીઓ શ્રીમતી હીનાબેન મધુકાંતભાઇ ટાંક, શ્રી રાજેશભાઇ વાઘેલા તથા શ્રી મહેન્દ્રભાઇ ટાંકના સહયોગને બિરદાવતા સર્વે સમુહ ભોજમાં સ્વાદિષ્ટ વાનગીઓ આરોગતા આવતા મહિને પાછા મળીશું કહેતા સહુ સહયોગી સદસ્યો અને ઘટકની ત્રણે પાંખોના સહિયારા પ્રયાસે આયોજીત આ આયોજન સફળ રહેલ હતું.

આદિપુર ઘટક

તા. ૦૨-૦૩-૨૦૨૬, સોમવારના રોજ સાંજે ૬.૩૦ થી ૯.૦૦ વાગ્યા દરમ્યાન હોલિકા દહનનો કાર્યક્રમ સમાજ ભવન પ્રાંગણમાં કરવામાં આવેલ. હોલિકા ગોઠવણ અને સજાવટમાં ઘટક, યુવા મંડળ અને મહિલા મંડળના સભ્યોએ સારો સાથ-સહકાર આપેલ હતો. સાંજે ૭.૦૦ કલાક હોળી પ્રગટાવવામાં આવેલ. હોલિકા દહનનો કાર્યક્રમ ખુબજ ઉત્સાહ, ઉમંગ સાથે ઉજવવામાં આવેલ. બહોળી સંખ્યામાં સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. હોલિકાની પ્રદક્ષિણા કરી અંતમાં પ્રસાદ લઇ સૌ છુટા પડ્યા હતા.

તા. ૦૪-૦૩-૨૦૨૬, બુધવારના રોજ ધુળેટી (રંગોત્સવ)નો તહેવાર સમાજવાડીમાં સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા દરમિયાન ઉત્સાહ-ઉમંગ સાથે ઉજવવામાં

આવેલ. બહોળી સંખ્યામાં સમાજબંધુઓ ઉપસ્થિત રહેલ. એકબીજાને ખુશી સાથે રંગ લગાવી કાર્યક્રમ સફળ બનાવેલ. ધુળેટી કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. અલ્પાહાર લઇ સૌ છુટા પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા બદલ પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકી, મંત્રી શ્રી દિપકભાઇ રાઠોડે સૌનો આભાર માનેલ. કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા તમામ ઘટકોમાં સગપણ સમસ્યાના નિવારણ માટે નવા સંપર્ક સારથીની નિમણુંક તાજેતરમાં કરવામાં આવી છે. કચ્છના દરેક ઘટકમાં રહેતા સમાજના દરેક પરિવારોને ૨૦ વર્ષથી ઉપરની વય ધરાવતા દીકરા-દીકરીના ફોટો-બાયોડેટા સહિતના ફોર્મ ફરજીયાતપણે ભરવાની કાર્યવાહી સંપર્ક સારથી ભાઇ-બહેનોને સોંપવામાં આવી છે. જેથી કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા તમામ ઘટકોમાં રહેતા આપણા સમાજના દીકરા-દીકરીની માહિતીનું લીસ્ટ બનાવી શકાય. આદિપુર ઘટકના સંપર્ક સારથી (૧) શ્રી કનૈયાલાલ જે. રાઠોડ - મો. ૯૪૨૮૦૩૨૧૭૧, (૨) શ્રીમતી અનિતાબેન એન. ટાંક - મો. ૭૮૭૪૬૨૫૮૧૮, (૩) શ્રીમતી કલ્પનાબેન વલમજીભાઇ વાઘેલા - મો. ૯૪૦૮૨૦૬૯૦૮. ઉપરોક્ત આદિપુર ઘટકના સંપર્કસારથી આદિપુર ઘટકના સભ્યોનો સંપર્ક સાધી, સગપણલાયક દીકરા/દીકરીઓના ફોર્મ ભરાવી રહ્યા છે.

ગુજરાત પ્રા. સમિતિ

ગુજરાત પ્રાદેશિકની અર્ધવાર્ષિક મીટીંગ તા.૧૪ અને ૧૫/૦૩/૨૦૨૬ શનિવાર/રવિવાર ના રોજ દ્વારકાધીશ ના સાનિધ્ય મા દ્વારકા સમાજભવન મા ઓખા મંડળ ટ્રસ્ટ ના સ્નેહમય આમંત્રણ ને માન આપી રાખવામા આવેલ હતી.

જેમાં બે મુખ્ય મુદાની ચર્ચા ના હેતુ સાથે રાખેલ મીટીંગની શરૂઆત દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવેલ હતું. દિપ પ્રાગટ્ય બાદ ઓખા મંડળ ટ્રસ્ટ ના મંત્રીશ્રી વિજયભાઈ રાઠોડ અને સહમંત્રી શ્રી ભરતભાઈ યાદવ તરફથી બહાર ગામથી પધારેલ સર્વે મહેમાનોનુ પવિત્ર ઉપેરણાથી સ્વાગત સાથે સ્ટેજ ઉપર સ્થાન ગૃહણ કરાવવામા આવેલ. જેમાં મુખ્ય અતિથિ ગુજરાત પ્રાદેશિક પ્રમુખ શ્રી રસિકભાઈ હરીલાલ ચૌહાણ, ઓખા મંડળ ટ્રસ્ટના પ્રમુખશ્રી મહેશભાઈ ટાંક, લક્ષ્ય સમિતિના પ્રભારીશ્રી પરેશભાઈ ગોવિદભાઈ ચૌહાણ, મહાસભા ના મહામંત્રી શ્રી વિનોદભાઈ મોહનભાઈ ખોડિયાર, મેરેજ બ્યુરો સમિતિના પ્રભારી શ્રીમતિ અમિતાબેન વિજયભાઈ સોલંકી, મેરેજ બ્યુરો સમિતિના મંત્રી તેમજ અખિલ ભારતીય મહિલા મહા મંડળના મહામંત્રી શ્રીમતિ રીટાબેન વિનોદભાઈ ચૌહાણ, દ્વારકા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ મેઘાબેન ટાંક, મીઠાપુર ઘટક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ ઉષાબેન વિજયભાઈ રાઠોડ, ઓખા ઘટક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ પ્રતિમાબેન ચૌહાણ, ગુ.પ્રા.સ. ના સલાહકાર પ્રમુખ શ્રી નરોત્તમભાઈ વાઘજીભાઈ જેઠવા, ગુ.પ્રા.સ.ના ઉપ પ્રમુખ શ્રી ડો.અભિષેકભાઈ પરમાર, ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઈ શિવલાલભાઈ ચૌહાણ, ગુ.પ્રા.સ. ના ખજાનચી શ્રી દુર્ગેશભાઈ કાનજીભાઈ ચૌહાણ, દ્વારકા ઘટક પ્રમુખ શ્રી જેન્તિભાઈ આર વાઢેર, મીઠાપુર ઘટક પ્રમુખ શ્રી મહેશભાઈ

પચાણભાઈ ચૌહાણ, ઓખા ઘટક પ્રમુખ શ્રી દિપકભાઈ વિજયભાઈ પરમાર આ બધા મહાનુભાવોને પવિત્ર ઉપેરણા થી સ્વાગત કરવામા આવેલ. ત્યારબાદ સ્ટેજને ગુજરાત પ્રાદેશિકને સોંપવામા આવેલ. ગુજરાત પ્રાદેશિક તેમજ મહાસભા વતી સ્ટેજનુ સંચાલન મહાસભાના લક્ષ્ય સમિતિના પ્રભારીશ્રી તેમજ ગુજરાત પ્રાદેશિક ના ચેરમેનશ્રી પરેશભાઈ ગોવિદભાઈ ચૌહાણ દ્વારા સુચારૂ રુપે સંભાડવામા આવેલ હતું. મીટીંગની શરૂઆત દિવંગત આત્માઓની શાંતિ માટે બે મીનીટનું મૌન પાડીને કરવામાં આવેલ. ત્યારબાદ ઘટકોના પ્રમુખો દ્વારા ઘટકોના અહેવાલો રજુ કરવામા આવેલ. જેમાં સુરેન્દ્રનગર ઘટક પ્રમુખ શ્રી હસમુખભાઈ ખીમજીભાઈ ટાંક, રાજકોટ ઘટક પ્રમુખ શ્રીમતિ પ્રિતિબેન પરેશભાઈ ચૌહાણ, જામનગર ઘટક પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ ચૌહાણ, દ્વારકા ઘટક પ્રમુખ શ્રી જેન્તિભાઈ વાઢેર, મીઠાપુર ઘટક પ્રમુખ શ્રી મહેશભાઈ ચૌહાણ, ઓખા ઘટક પ્રમુખ શ્રી દિપકભાઈ પરમાર, તેમજ દ્વારકા, મીઠાપુર અને ઓખા ઘટક મહિલા મંડળની બહેનોએ પણ મહિલા મંડળની કાર્યક્રમ ની રજુઆત કરવામા આવેલ હતી.

ત્યારબાદ ગુજરાત પ્રાદેશિક સમિતિ તરફથી સર્વે મહેમાનોનું સ્વાગત અને અહેવાલ ગુ.પ્રા.સ.ના પ્રમુખ શ્રી રસિકભાઈ હરીલાલ ચૌહાણ દ્વારા વિસ્તારપુર્વક રજુ કરવામાં આવેલ હતો. ત્યારબાદ આજની મીટીંગના બે મુદ્દાના કાર્યક્રમની છણાવટ શ્રી પરેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ. જેમાં મહાસભાનું અર્ધવાર્ષિક અધિવેશન અને મેરેજ બ્યુરો. આ બાબતે મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઈ મોહનભાઈ ખોડિયાર તરફથી આ મુખ્ય બે મુદ્દાની વિસ્તારપુર્વકની જાણકરી આપવામાં આવેલ. મહાસભા દ્વારા આયોજીત અર્ધવાર્ષિક અધિવેશન ઓખા મંડળ ટ્રસ્ટના સહયોગથી દ્વારકાધીશના સાનિધ્યમાં દ્વારકા મુકામે કરવાનું નક્કી કરેલ છે. તો એની વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. અને અધિવેશન સુચારૂ રૂપે પાર પાડવા માટે તેનું ઝીણવટ ભરી ચર્ચા કરી હતી. અને પ્રથમ તો આ અધિવેશનના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે ઓખા મંડળ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી મહેશભાઈ ટાંકનું નામ રજુ કરવામાં આવેલ. એટલે આ અર્ધવાર્ષિક અધિવેશનના અધ્યક્ષ તરીકે શ્રી મહેશભાઈ ટાંકને નિમણુંક કરવામાં આવેલ. એમના અધ્યક્ષ સ્થાને દરેક કામકાજ માટેની અલગ-અલગ કમિટી બનાવવામા આવેલ. અને દરેક કમિટીના પ્રમુખની નિમણુક કરી જે-તે કમિટીના કાર્યની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ. તેમજ દરેક કમિટીમાં થનાર અંદાજીત ખર્ચનો એસ્ટિમેટ અધ્યક્ષ શ્રી મહેશભાઈ ટાંક ને સુપ્રત કરવાનો રહેશે. મેરેજ બ્યુરો સમિતિના પ્રભારી શ્રીમતિ અમિતાબેન વિજયભાઈ સોલંકી દ્વારા મેરેજ બ્યુરોની ઝીણામા ઝીણી જરૂરીયાત અને તેના માટેની ડિટેઈલ પ્લાનિંગ સાથેનો મેપ રજુ કરવામા આવેલ હતો. બધી ચર્ચાના અંતે મેરેજ બ્યુરો માટે બે થી ત્રણ જગ્યા જોવા ગયા હતા. જેમાંથી એક જગ્યા પસંદ કરી નક્કી કરેલ છે. જે એક આજની મીટીંગ નો સુખદ નિચોડ આવેલ હતો. કારણ કે એક દિવસ ની મીટીંગ મા આ બધુ કરવું થોડુ અઘરુ છે. પરંતુ છતાં આ બન્ને કામ સુપેરે પાર પડી ગયા છે. અંતમાં ઓખા મંડળ ટ્રસ્ટ દ્વારા અને ગુજરાત પ્રાદેશિક ની મીટીંગ દ્વારકા મુકામે રાખવામા આવેલ તે ખુબજ સંતોષકારક રીતે પરિપૂર્ણ થયેલ હતી. જેમાં બે દિવસનો સંપૂર્ણ ખર્ચ ૨ ટાઈમનું ગુજરાતી જમણ, સવારનો ગાંઠિયા/જલેબી નો ગરમા ગરમ નાસ્તો અને ત્રણ ટાઈમ ગરમા ગરમ ચાહ ની અફલાતૂન સેવા ઓખા મંડળ ટ્રસ્ટ તરફથી કરવામા આવેલ તે બદલ હૃદય થી ઓખા મંડળ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મહેશભાઈ ટાંક નો ખુબ ખુબ આભાર ધન્યવાદ. શ્રી મહેશભાઈ ટાંક અને શ્રી પ્રવિણભાઈ શિવલાલભાઈ ચૌહાણ શરૂઆતથી લઈને છેલ્લે સુધી અમારી સાથે રહ્યા હતા જે એક માનવતાનુ મહાન ઉદાહરણ પુરુ પાડેલ છે. ઓખા મંડળ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ભગવાનજીભાઈ ટાંક, શ્રી મણીલાલભાઈ વાઢેર, શ્રી પ્રભુલાલભાઈ ચૌહાણ, શ્રી હસમુખભાઈ વાઢેર, શ્રી વિજયભાઈ રાઠોડ આખી ટીમનો ખુબજ સરસ સહયોગ મળેલ. તેમજ દ્વારકા સમાજ વાડી ના શ્રી યોગેશભાઈ નો પણ ખુબ ખુબ આભાર કે જેમણે સમાજ વાડીના રૂમની સાફ સફાઈ અને વહેલી સવારના ચાહ ની સેવા ખડે પગે રહી કરેલ હતી તે બદલ યોગેશભાઈ તેમજ તેમની ટીમનો ખુબ ધન્યવાદ.

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

નારી દર્પણ

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)

શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગત
ગુજરાત મહિલા પ્રાદેશિક સમિતિ આયોજીત એવં દ્વારકા, મીઠાપુર, ઓખા મહિલા મંડળ સહકારીત

"જીવન સૌરભ સંસ્કાર શિબીર"

૫ જુન – ૨૦૨૬, શુક્રવાર, સ્થળ : કચ્છી સમાજ ભવન, દ્વારકા

ભારતભરમાં વસતા સર્વે બહેનોને જીવન સૌરભ સંસ્કાર શિબિરમાં ઉપસ્થિત રહેવા સહર્ષ આમંત્રણ પાઠવવામાં આવે છે.
સાથે ઔદ્યોગીકા એવોર્ડ વિતરણ સમારંભ પણ યોજવામાં આવશે.

અ.ભા.મહિલા મહામંડળ એવં અ.ભા.યુવા મહામંડળ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉત્સાહ ભેર ઉજવણી કરાઈ

શ્રી ક.ગુ.ક્ષ સમાજ અ.ભા. મહિલા મહામંડળ તથા શ્રી ક.ગુ.ક્ષ સમાજ અ.ભા. યુવા મહામંડળ દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે તા. ૦૯/૦૩/૨૦૨૬ થી ૧૫/૦૩/૨૦૨૬ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન ઓનલાઇન વેબેકસ પર કરવામાં આવ્યું હતું. આ સમાહ દરમ્યાન મહિલાઓના સશક્તિકરણ, પ્રતિભા વિકાસ અને જાગૃતિ માટે અનેક પ્રેરણાદાયક કાર્યક્રમો સાથે અનેક સ્પર્ધાઓ યોજાયા સાથે સાથે દરરોજ એક ઇન્સ્પિરેશન સ્ટોરી મહિલાની આ કાર્યક્રમના આયોજકો દ્વારા કરવામાં આવેલી હતી.

કાર્યક્રમની શરૂઆત ૦૯ માર્ચે પરિચય અને ગેટ-ટુગેધર સાથે કરવામાં આવી હતી, જેમાં પ્રથમ દિવસે મહાસભાના પ્રમુખ આદરણીય સમાજરત્ન શ્રી વિનોદભાઈ સોલંકી તરફથી શુભ સંદેશ આપવામાં આવેલ સાથે સાથે મન કી વાત દ્વારા બહેનોને પોતાના વિચારો અને અનુભવો વ્યક્ત કરવાની તક મળી.

૧૦ માર્ચે ડો. મનીષા રાઠી દ્વારા આરોગ્ય વિષયક સ્ત્રી રોગ નું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે ઉદ્યોગસાહસિકતા વિષય પર ફૂડ સંબંધિત સેશન પણ યોજાયું જેમાં આપણા સમાજની ઘણી બહેનો ઘરે રહીને અનેક જાતના ફૂડ નું વેચાણ કરે છે જે બતાવવામાં આવ્યું જેનાથી અન્ય બહેનોને પ્રેરણા મળી કે ઘરમાં પણ આપણે આવી રીતે આર્થિક ઉપાજન કરી શકીએ છીએ.

૧૧ માર્ચે ભારતની પ્રેરણાદાયક મહિલાઓ વિષય પર ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાઈ, જેમાં બહેનો અલગ અલગ મહાન મહિલાઓનું પાત્ર બન્યા હતા અને એ દિવસે રિઝલ્ટ બતાડવામાં આવ્યું હતું. સાથે સંગીત વાદ્ય (સોલો) સ્પર્ધા પણ રીઝલ્ટ એનાઉન્સ કરવામાં આવ્યું

હતું. ૧૨ માર્ચે સોશિયલ મીડિયા વિષયક ક્લાસ (કેનવા) દેવીષા પરમાર અને અન્ય દ્વારા લેવામાં આવ્યો, જેમાં સોશિયલ મીડિયા નો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તેની માહિતી આપવામાં આવી. સાથે

ભાવિકાબેન સોલંકી દ્વારા સોશિયલ પ્લેટફોર્મમાં કેમ યુઝ કરવાનું વોટ્સએપ કેવી રીતે સેટ કરવાનું ફ્રોડ ઓનલાઇન પેમેન્ટ માં કઈ રીતે સાવચેતી રાખવીએ જાણકારી ખુબ સરસ રીતે આપવામાં આવી હતી ઉદ્યોગસાહસિકતા વિષય પર કપડાં સંબંધિત સેશન યોજાયું જેમાં અત્યારે બહેનો કપડાનું વેચાણ કઈ રીતે કરે છે ઓનલાઇન કરે છે સાથે સાથે ઘણા મોટી મોટી શોપ પણ ધરાવે છે તેમની દરેક બહેનોને જાણ થઈ.

૧૩ માર્ચે ડો. ઐશ્વર્યા કાલે દ્વારા પ્રેરણાદાયક ભાષણ આપવામાં આવ્યું, જેમાં મહિલાઓને આત્મવિશ્વાસ અને પ્રગતિ માટે પ્રેરણા મળી. ખાસ કરીને અત્યારના સમયમાં કઈ રીતે દાંપત્યજીવનમાં સાથે બાળકો સાથે સંવાદથી અને કઈ રીતે સ્ત્રીઓએ પોતાનું ઘર અને બહારની દુનિયા બંનેનું એડજસ્ટ કરવું તે સમજાવવામાં આવ્યું આ દિવસે કોમેડી રીલ ચેલેન્જ સ્પર્ધા નું રીઝલ્ટ એનાઉન્સ કરવામાં આવ્યું હતું

૧૪ માર્ચે આર્ટ મેલા તથા ઉદ્યોગસાહસિક સેશન યોજાયું, જેમાં બહેનો પોતાના હેન્ડમેડ પ્રોડક્ટ્સ પ્રદર્શિત કર્યા. સાથે સ્ટેન્ડઅપ કોમેડી સ્પર્ધનો રીઝલ્ટ એનાઉન્સ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતિમ દિવસે ૧૫ માર્ચે ફીડબેક સેશન અને મન કી વાત યોજાઈ, તેમજ ગરવ થી ગુજરાતી નારી વિષય પર ચર્ચા કરવામાં આવી. ગર્વથી ગુજરાતી નારીમાં માસ્ટર સેફ કિંજલ રાઠોડ કટક ઘટકની એમને બોલાવવામાં આવ્યા હતા તેઓએ શોર્ટ રેસીપી પણ શેર કરી સાથે આરતીબેન મહેતા ને પણ બોલાવવામાં આવ્યા હતા જે સેલિબ્રિટી ના જેમ હતા, તેમજ રીન્કુ બેન ટાંક લોન ટેનિસ ખેલાડી ભૂમિબેન પરમાર અને હજી બીજા ઘણા બહેનો ને ગુજરાતી નારીમાં સન્માન કરવામાં આવ્યું હતું. સાથે દરરોજ પઝલ ફની આઈટમ કોલિંગ ઈમેજ ક્યુએશન્સ એવા બધા ઘણા મજેદાર ગેમ લેવામાં આવ્યા હતા જેમાં બધા એન્જોય કર્યા અને આખરે દિવસે બધાએ સરસ રીતે તૈયાર થઈને કોઈ મરાઠી કોઈ બંગાલી કોઈ મલયાલમ કોઈ કર્ણાટકા કોઈ રાજસ્થાની, એમ જ હજી બીજા બધા તૈયાર થઈને આવ્યા હતા, બધાએ ખુબ સરસ મજા કર્યા ખુબ સરસ થી છેલ્લો દિવસ ઉજવ્યા! આ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે મહિલા મહામંડળની પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ, યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવ ભાઈ ટાંક અને મહિલા મહામંડળની મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રી ઈશિતાબેન ટાંક, ટીમ મેમ્બરમાં ગ્રુપમાંથી ભાવિકાબેન પ્રિયાબેન, પેયલબેન, નીતાબેન, પ્રિયંકાબેન અને પૂજાબેન સહિત તમામ સભ્યોનો મહત્વપૂર્ણ સહયોગ આપેલ હતો તથા અખિલ ભારતીય મહિલા મહામંડળના હોદ્દેદારો શ્રીમતી પુષ્પાબેન ટાંક અમિતાબેન સોલંકી મીતાબેન ટાંક કાંતાબેન કોન્ટ્રાક્ટર ઉર્મિલાબેન રાઠોડ ભારતીબેન વરુ તથા અન્ય હોદ્દેદારો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી. આ સમગ્ર કાર્યક્રમના પ્રયોજક શ્રીમતી લીનાબેન વિપિનભાઈ રાઠોડ બેંગ્લોર તથા પ્રિયાબેન ટાંક કટક દ્વારા સંયોગ મળેલ હતો તથા અખિલ ભારતીય યુવા માં મંડળ આભાર વ્યક્ત કરે છે. આ રીતે પ્રથમ વખત મહિલા મહા મંડળ અને યુવા મહા મંડળ સંયુક્ત ઉપક્રમે ઉત્સાહ અને આનંદભેર કાર્યક્રમ ઉજવ્યો. આ કાર્યક્રમ દ્વારા મહિલાઓમાં આત્મવિશ્વાસ, એકતા અને સશક્તિકરણનો સંદેશ ફેલાયો અને વિશ્વ મહિલા દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક પૂર્ણ થઈ હતી.

અ.ભા.મહિલા મહામંડળ અંતર્ગત શિક્ષણ સમિતિ બાલ તરંગ ગ્રુપ આયોજિત વસંતોત્સવ

વસંત પંચમીના દિવસે માતા શારદાની પૂજા કરવામાં આવે છે. માતા સરસ્વતીની પૂજાથી પ્રાપ્ત થતા જ્ઞાન અને કળાના સમાવેશથી મનુષ્યના જીવનમાં સુખ અને સમૃદ્ધિ આવે છે. મહા મહિનાની સુદ પાંચમે સૌથી પહેલાં શ્રીકૃષ્ણએ દેવી સરસ્વતીનું પૂજન કર્યું હતું. ત્યારથી સરસ્વતી પૂજનનું પ્રચલન વસંત પંચમીના દિવસે ઉજવવાની પરંપરા ચાલતી આવે છે.

વસંત પંચમી એ મહત્વપૂર્ણ હિન્દુ તહેવાર છે, જે ઋતુરાજ વસંતના આગમનની અને વિદ્યા-જ્ઞાનની દેવી સરસ્વતીના પ્રાગટ્ય દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસે પીળા વસ્ત્રો પહેરી, સરસ્વતી પૂજા, વિદ્યારંભ (બાળકોને શિક્ષણની શરૂઆત) આ દિવસ કોઈપણ નવા કાર્યની શરૂઆત માટે પવણજોયું મુહૂર્તથ ગણાય છે.

વસંત પંચમીનું મુખ્ય મહત્વ: સરસ્વતી પૂજા: જ્ઞાન, સંગીત, કળા અને વિદ્યાની દેવી સરસ્વતી માતાની વિશેષ પૂજા કરવામાં આવે છે, કારણ કે આ દિવસે તેમનો જન્મ થયો હતો. વિદ્યારંભ અને શુભ શરૂઆત: આ દિવસ શિક્ષણ શરૂ કરવા, અક્ષરજ્ઞાન આપવા, અને નવા કાર્યો (લગ્ન, વાસ્તુ) માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

વસંત પંચમીની આ મહાન પરંપરાને અનુસરતા બાલ તરંગ ગ્રુપ તરફથી પણ એક સુંદર મજાનો વસંત ઋતુ વસંતોત્સવનું

આયોજન કરવામાં આવેલું હતું જેમાં બાળકોથી લઈને કોઈપણ ઉંમરના લોકોએ વિદ્યાની દેવી માતા સરસ્વતી ની ઉપાસના વંદના પ્રાર્થના નો કોઈ મંત્ર,સ્તુતિ,શ્લોક, ભજન તમારી બોલીને ૨૩ જાન્યુઆરી વસંત પંચમીના દિવસે સવારથી સાંજ સુધી બાલ તરંગ ગ્રુપમાં એક મિનિટનો વિડીયો બનાવીને મોકલવાનું હતું.

આ વસંતોત્સવ કોઈ સ્પર્ધા નોહતી પરંતુ બાળકોને હિન્દુ ધર્મ સંસ્કૃતિ થી અવગત કરાવવાનો બાલ તરંગ ગ્રુપનો એક નમ્ર પ્રયાસ હતો. જેમાં બાળકોથી લઈને કોઈપણ ઉંમરના ભાઈ બહેનો ભાગ લઈ શકે છે અને માતા સરસ્વતી ને પ્રાર્થના કરી શકે છે. બાલ તરંગ ગ્રુપ આયોજિત આ વસંતોત્સવમાં ૭૫ + થી પણ વધારે લોકોએ ભાગ લીધો હતો તેમ જ સરસ્વતી માતાની પ્રાર્થના વંદના તેમ જ આરાધના કરેલી હતી. જે ખૂબ પ્રશંસનીય કાર્ય હતું.. નાના ભૂલકાઓ થી લઈને મોટા લોકોના સરસ્વતી સ્તુતિ સ્તુતિ મંત્ર શ્લોક પ્રાર્થના ના વિડીયો જોઈને હૃદય ગદગદિત થઈ જતું હતું. હિન્દુ સનાતન ધર્મની ધજા આપણા બાળકોમાં ખૂબ સરસ થી ઉચ્ચ સ્થાને લહેરાઈ રહી છે તે જોઈને ગર્વની લાગણી પણ અનુભવાતી હતી. શિક્ષણ સમિતિ અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન અરૂણભાઇ રાઠોડ તેમજ મંત્રીઓ શ્રીમતી કલ્પનાબેન, તૃપ્તિબેન, કનકબેન, તેમજ મોનાબેન ના સહકાર્યથી આ વસંતોત્સવનું આયોજન ખૂબ સારી રીતે પાર પડેલું હતું. બાળકોમાં બાલ તરંગ ગ્રુપ તરફથી જ્ઞાન સાથે ગમ્મત નો પ્રચાર અને પ્રસાર થાય તે માટે શિક્ષણ સમિતિ બાલ તરંગ ગ્રુપ કટિબદ્ધ છે તેમજ આગામી ભવિષ્યમાં પણ આવા વિવિધ પ્રોગ્રામો સાથે સમાજ સેવા માટે તત્પર રહેશે.

અ.ભા.મહિલા મહામંડળે યોજ્યો : વેલેન્ટાઈન ડે સ્પેશ્યલ કાર્યક્રમ

:: ટ્રેનર ::

શ્રીમતી ઉર્મિલાબેન પરમાર (નિઝામબાદ)

આપણા સમાજના બહેનોને વિવિધ પ્રકારની ચોકલેટ બનાવવાની તાલીમ મળે તે માટે વિશ્વ પ્રણય દિવસ (વેલેન્ટાઇન ડે) તા. ૦૪-૦૨-૨૦૨૬ના રોજ ઓનલાઇન પ્રોજેક્ટ યોજવામાં આવેલ હતો. આ પ્રોજેક્ટમાં ભારતભરના વિવિધ મહિલા મંડળોને બહેનોએ સારી એવી સંખ્યામાં ભાગ લઇ ઉત્સાહ બતાવ્યો હતો.

આ પ્રોજેક્ટના ટ્રેનર તરીકે નિઝામાબાદ ઘટકના શ્રીમતી ઉર્મિલાબેન મયુરભાઇ પરમારે સેવા આપેલ હતી. ગૃહિણી અને રસોઇ બનાવવાનો શોખ ધરાવતા સૌ. ઉર્મિલાબેન ચોકલેટ બનાવટના નિષ્ણાંત છે. મહિલા ઉત્કર્ષ સમિતિ માટે પણ ઓનલાઇન વર્કશોપ કરેલ છે. ઘણી બધી ઓનલાઇન સ્પર્ધાઓમાં ભાગ લઇને વિજેતા બનેલ છે. આ વર્કશોપમાં તેમણે ચોકલેટની બનાવટ, ડેકોરેશન, ટેસ્ટ, સરપ્રાઇઝ ચોકલેટ બોક્સની ટ્રેનિંગ આપેલ હતી.

